# ઈસુ કોણ છે?

*"અમે પોતાના વિષે ઉપદેશ કરતા નથી, પરંતુ ઈસુને પ્રભુ તરીકે અને અમને તમારા સેવકો તરીકે પ્રગટ કરીએ છીએ......"* ૨ કરિંથી ૪:૫


**પીટર વોકર**

www.1peter1three.weebly.com

Translated and designed by
Good Shepherd Media, Secunderabad 500 067
E-mail: printing@ombooks.org

# અનુક્રમણિકા


પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . . . . . . . . .5

ઈસુ કોણ છે? . . . . . . . . . . . . . . . . . . . . . . . .7

ખ્રિસ્તનો સંદેશ . . . . . . . . . . . . . . . . . . . . . .9

વિશ્વાસ . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 11

ખજાનો . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 14

રક્ત . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 16

આત્મા . . . . . . . . . . . . . . . . . . . . . . . . . 18

આમંત્રણ . . . . . . . . . . . . . . . . . . . . . . . .20

નવું જીવન . . . . . . . . . . . . . . . . . . . . . . .23

શાસ્ત્ર સંદર્ભ . . . . . . . . . . . . . . . . . . . . . .26

હું આ પુસ્તિકા તમને, વાચકને સમર્પિત કરું છું. ઈસુ ખ્રિસ્ત વિષે કહેવાની

મને મંજૂરી આપવા બદલ તમારો આભાર.

મારી પાસે બાઈબલમાંની સૂચનાઓ રહી નથી, અને હું ઈશ્વરવિદ્યાની ઘણી સમસ્યાઓ બાબતે ક્યાં ઊભો છું તેની પણ હું વધારે સ્પષ્ટ નથી. જો કે હું, ઈસુનો અનુયાયી છું, અને બાઈબલ મને ગમે છે. કેટલાક વિચારો મને વહેંચવા મંજૂરી આપો......

# પ્રસ્તાવના

જો તમે આ પ્રશ્ન પૂછી રહ્યા હો કે "ઈસુ કોણ છે?," તો તમે સાચે જ અદભૂત જગાએ છો!

તમે ઈશ્વર પ્રત્યે ગુસ્સે હોઈ શકો છો, અથવા આ સમયે ઈશ્વરમાં વિશ્વાસ કરતા ના પણ હો. અથવા તમે ઈશ્વરમાં વિશ્વાસ કરતા હોઈ શકો, પરંતુ તમને ઘવાયેલા છો. તમે મુસલમાન, હિંદુ, બૌદ્ધ, કે અન્ય કોઈ વિશ્વાસના હોઈ શકો છો. તમે જુદી જગ્યાએ હોઈ શકો, જેને તમે વર્ણવી પણ શકતા નથી... મારા મિત્ર, તમને જે કંઈ પણ લાગણી થઇ હોય કે તમે જ્યાં કંઈ પણ છો, બાઈબલના ઈશ્વર, પ્રથમ પુસ્તકથી લઇને છેલ્લા પુસ્તક સુધી, તમારું સ્વાગત કરે છે, તમને **"ઈસુ કોણ છે?"** તે પૂછવા પણ 'વિનવે' છે.

તમારી પાસે ઘણાં, ઘણાં જ પ્રશ્નો હોઈ શકે છે જેને હું સંબોધતો કે સંબોધી શકતો નથી. આ નાની પુસ્તિકામાં હું, ખરેખર, કેવળ ઈસુમાં "વિશ્વાસ કરતી" વ્યક્તિ તરીકે તમારી પાસે આવું છું, અને સરળ રીતે થોડા વિચારો તમારી સાથે વહેંચું છું. મારો વિશ્વાસ, બાઈબલ અને ઈશ્વરનો આત્મા મારા સ્રોત છે.

હું વિશ્વાસ કરું છું કે બાઈબલ, એટલે ૬૬ 'પુસ્તકો' કે લખાણોનું મિશ્રણ, એ ઈશ્વર સ્ફુરિત વચન છે. કોઈ સારી કે "સાચી" બાબતની જેમ બાઈબલની ગેરસમજ, દુરુપયોગ અને શંકા થઇ શકે છે. જો કે,

બાઈબલના ઉપયોગમાં માણસોની ખામીઓ હોવા છતાં તે પ્રમાણિક સત્ય-શોધક માટે ઈશ્વરનું ભરોસાપાત્ર સ્ત્રોત રહે છે. તે “અપ્રશિક્ષિત” લોકો દ્વારા લખવામાં આવ્યું હતું, કે જેથી તેને વાંચવું સહેલું બને. બાઈબલમાં ઈશ્વરે પોતાને ગુપ્ત રાખ્યા નથી; તેમણે પોતાને આપણી આગળ પ્રગટ કર્યા છે!

ચાલો હવે મને ઝડપથી આ સર્વથી અગત્યના પ્રશ્ન: “**ઈસુ કોણ છે?**” પરના મારા વિચારો તમને જણાવવા દો.

# ઈસુ કોણ છે?

બાઈબલ શીખવે છે કે ઈસુ ખ્રિસ્ત—જેનો અર્થ *"પ્રભુ બચાવે છે"* થાય છે—તે માણસના આકારમાં ઈશ્વર છે. ઈશ્વર માણસ બનવા સ્વર્ગમાંથી નીચે આવ્યા, કે જેથી આપણે ઈશ્વરને "અંગત" રીતે જાણી શકીએ અને ઈશ્વર સાથે સંપૂર્ણપણે જોડાઈ શકીએ.

ઈસુ "શરીરમાં" ઈશ્વર છે. તેઓ આપણા પાપ માફ કરવા, અને આપણને અનંત જીવન આપવા આવ્યા. ઈસુ *"કોણ"* છે અને *"શા માટે"* તે આવ્યા તે આ છે.

## પ્રગટીકરણ

બાઈબલ પોતે કહે છે કે આ અગાધ સત્ય છે, સમજવું અશક્ય છે. માત્ર આ સત્યને આપણે "ગ્રહણ" કરી શકતા નથી, કે ઈશ્વરે આપણને બચાવવા માનવી આકાર લીધો. આપણે આ "સમજી" શકતા નથી. આપણા માટે તે ઘણી મોટી બાબત છે! હા, બાઈબલ શીખવે છે કે આ જ સત્ય છે; એવું અદભૂત સત્ય કે જેને આપણા મનમાં ગોઠવાઈ જાય એવું બનાવવામાં આવ્યું નથી!

આપણને કહેવામાં આવ્યું છે કે ઈશ્વરનું આ સત્ય, એટલે ઈસુ ખ્રિસ્ત, એ *"આત્મા તથા સત્ય"* છે, અને એ આપણી પાસે મનની 'સમજ' વડે

આવતું નથી, પરંતુ આપણા આત્માઓને, આપણા હૃદયોને "પ્રગટ" કરવાથી તે આવે છે.

જો તમે, મારી જેમ અને બીજા ઘણાંની જેમ ઈશ્વરને 'સમજવા', કે તમારા મનમાં બેસાડવા/ગોઠવવા પ્રયત્ન કરો છો તો આપણા આત્માઓ અને હૃદયને નિયંત્રણ આપવું ઘણું જ અઘરું બની શકે છે. પરંતુ મારા મિત્ર, તમે જાણો છો હાલમાં જે દરેક વસ્તુ તમને કિંમતી છે, એટલે *મિત્રો, કુટુંબ, પ્રેમ, શાંતિ, માફી, દયા*—આ બાબતો મનના 'સત્યો' નથી, પરંતુ હૃદય અને આત્માના સત્યો છે. હકીકતમાં, ઘણા કિસ્સાઓમાં, આપણે આપણા મનને, આપણી સમજણને "સત્યના હાર્દ"ને કે સંબંધને જખમ કે નુકસાન આપે તેમ થવા દીધું છે. શું તમે કદી તમારા 'શિર'ને તમારા હૃદયથી ઉપરવટ જવા દીધું છે, અને ત્યાર પછી આનો ખેદ થયો છે? જો ઈશ્વર તમારા નાના મનમાં કે અનિયંત્રિત 'સમજ'માં "ગોઠવાય," તો તે ખરેખર, ઘણાં જ નાના ઈશ્વર હોય!

બાઈબલમાં આપણને કહેવામાં આવ્યું છે, *"ઈશ્વર આત્મા છે, અને તેમના ભજનારાઓએ આત્માથી અને સત્યથી તેમનું ભજન કરવું જોઈએ."* ઈસુએ પોતે તેમના શબ્દો અને પ્રગટીકરણ વિષે કહ્યું છે, *"મારા વચનો આત્મા અને જીવન છે."*

***શું તમને કદી ઈસુનું સત્ય તમારા મનોને પડકારનારું પરંતુ તેની સાથે સાથે તમારા હૃદયના દ્વારને ખટખટાવતું હોય એવું લાગ્યું છે?***

# ખ્રિસ્તનો સંદેશ

ઈસુએ કેવી રીતે લોકોને તેમના "વિશ્વાસ" માટે અપીલ કરી હતી એ રસપ્રદ બાબત છે. તેઓ નાણાં કે સંપત્તિ આપવાના પ્રસ્તાવ સાથે આવ્યા નહોતા. તેઓ ઈશ્વરીવિદ્યાના જવાબ આપવા પણ આવ્યા નહોતા. તેમણે આવી બાબતો કહી હતી, *"શું કોઈ તરસ્યો છે? તો તે મારી પાસે આવીને પીએ ....... જે કોઈ મારામાં વિશ્વાસ કરે છે તેના પેટમાંથી જીવતા પાણીની નદીઓ વહેશે."* ઈસુએ પૂછ્યું જો આપણે 'તરસ્યા' છીએ, તો તેમને 'જીવતા પાણી'નું વચન આપ્યું છે. આ આપણા દૈનિક જીવનના માળખામાં 'ગોઠવાતું' નથી; આ આપણા મનોને "બંધબેસતું" નથી. અને તોયે આપણા પ્રાણ/આત્મામાં ટીપા ટપકે છે અને આપણી કાંઈક વધારેની જરૂરિયાત પૂરી પાડતી હોય એમ ખરેખર લાગે છે.

## શું ઈસુનો આ પ્રશ્ન "શું તમે તરસ્યા છો?" તે તમારા આત્માને પણ કહે છે?

અથવા, દાખલા તરીકે, ઈસુએ લોકોના ટોળા તરફ ફરીને પૂછ્યું, *"શું કોઈ થાકેલો છે?"* અને પછી તેમણે જુદી પ્રકારના 'આરામ'નું વચન આપ્યું.

ઈસુએ ચમત્કારો કર્યા, પરંતુ તેમના ચમત્કારો માટે એકદમ ખાસ હેતુ હતો. એક સમયે ઈસુએ લોકોના મોટા સમુદાયને કહ્યું કે તેમણે એ કારણથી ચમત્કારો કર્યા હતા કે જેથી આપણે સર્વ સમજીએ કે તેમની

પાસે પાપ માફ કરવાનું સામર્થ્ય છે. તેઓએ માત્ર કેટલાક લોકોના જીવનો, થોડા સમય માટે બહેતર કરવા માટે ચમત્કારો કર્યા નહોતા. તેમણે ચમત્કારો કર્યા કે જેથી આપણે તેમનું, આપણા પાપ માફ કરવાનું પરાક્રમ જોઈ શકીએ, અને *“આપણા નામ સ્વર્ગમાં લખાવામાં આવે.”*

**તો, ઈસુ ખ્રિસ્તનો સંદેશો શો હતો? કેવી રીતે હું મારા આત્મામાં આ “જીવન,” આ “આરામ,” આ “જીવંત પાણી” મેળવી શકું?**

અહિયાં ઈસુનો સંદેશ જીવનમાં આવે છે, વાસ્તવિક રીતે અને વ્યક્તિગત રીતે...

ઈસુએ કહ્યું, *“હું બારણું છું, અને જે કોઈ મારી મારફતે પેસે છે તો તે ઉદ્ધાર પામશે.”* ઈસુ ઈશ્વર *વિષે* શીખવતા નથી; ઈસુએ આપણને ઈશ્વરને *જાણવા* તેમની પાસે બોલાવ્યા છે. સૌથી રહસ્યમય બાબત જે અત્યારે તમારી પાસે છે તે “કોઈક” છે, કશુંક નહિ કે કોઈક ખ્યાલ નહિ. એક મિનીટ તેના વિષે વિચારો. **દિવસના અંતે તમારા માટે સૌથી મુલ્યવાન શું છે?** હું ખાતરી આપું છે કે તે વ્યક્તિ છે. ઈશ્વર એવા જ છે. તમારા માટે ઈશ્વરનું સૌથી ઊંડું સત્ય એ –તેઓ પોતે છે. તેમનો માણસ બનવાનો હેતુ એ હતો કે જેથી તમે અને હું વાસ્તવિક રીતે તેમને જોઈ, સ્પર્શી અને જાણી શકીએ. હકીકતમાં, ઈસુને એક નામ આપવામાં આવ્યું હતું “ઈમાનુએલ,” જેનો અર્થ છે, *“ઈશ્વર આપણી સાથે.”* ઈસુ, ઈશ્વર માણસ તરીકે આવ્યા કે જેથી તેઓ આપણી સાથે, હાલમાં અને હંમેશા રહે.

***શું તમે ઈશ્વરને અંગત રીતે જાણવા માંગો છો?***

# વિશ્વાસ

ઈસુ આપણને તેમનામાં "વિશ્વાસ" કરવા પડકાર આપે છે. લોકો સાથે તેઓ ખરેખર હતા ત્યારે આ તેમનું આમંત્રણ હતું, અને તેઓ તેમને "નિહાળી" શકતા હતા. *જો તેઓ ઈસુને "જોઈ" શકે, તો શા માટે તેમનામાં "વિશ્વાસ" કરવા પર આટલો ભાર?* વિશ્વાસની આ બાબત વિષે બે બાબતો મારામાં ઉદ્ભવે છે.

## ૧. એક સાચો મિત્ર તમારામાં વિશ્વાસ કરે છે!

શું તમારી પાસે કદી એવો કહેવાતો "મિત્ર" હતો, જે તમારા *માટે* મિત્ર નથી? આ વ્યક્તિ તમને જુએ છે અને જાણે છે, અને જ્યારે પણ તમે આસપાસ હોવ તો તમારો સ્વીકારે છે; આ વ્યક્તિને તમારી સાથે 'સંબંધ' છે, પરંતુ તે તમારામાં *"વિશ્વાસ"* કરતો નથી. વાસ્તવિક રીતે તેણે તેના હૃદયનો ભાગ તમારા માટે બંધ કરી દીધો છે. *શું તમે આ લાગણીને પોતાની સાથે, આ અનુભવને પોતાના સંબંધ સાથે સાંકળી શકો છો?*

ઈસુ, એટલે ઈશ્વર "આપણી સાથે" રહેવા માનવ શરીરમાં આવ્યા. તેમનું નામ, ઈમાનુએલ છે, એટલે *"ઈશ્વર આપણી સાથે."*[1] ઈસુ કેવળ એટલું જ નથી ઈચ્છતા કે તમે તેમને 'કબૂલ કરો," પરંતુ તેઓ તમારી સાથે

---

1 યશાયા ૭:૧૪, માથ્થી ૧:૨૩

પ્રેમ, 'વિશ્વાસ'ના સંબંધ બાંધવા આવ્યા પણ હતા. *એકબીજામાં વિશ્વાસ એ સાચી મિત્રતાનો આધાર છે.*

ઈસુએ કહ્યું, *"મેં તમને મારા મિત્ર કહ્યા છે."* ઈસુએ એમ પણ કહ્યું છે કે પોતાના મિત્ર માટે જીવ આપવો તેના કરતા મોટો પ્રેમ કોઈનો નથી.[2]

## ૨. જોવું એ વિશ્વાસ કરવો, એમ નથી!

ઈસુ પૃથ્વી પર હતા ત્યારે ઘણા લોકોએ તેમનું પરાક્રમ જોયું હતું, પરંતુ તેમના પર વિશ્વાસ કર્યો નહોતો. શક્ય છે મારી જેમ તમે, કેટલીકવાર એવી ઈચ્છા રાખો છો અથવા કહો પણ છો, *"જો હું ઈસુને ખરેખર 'જોઈ' શકું તો......"*. સત્ય એ છે કે ઘણા—મોટાભાગના—જેઓએ ઈસુને શરીરમાં જોયા અને તેમના ચમત્કારિક પરાક્રમના સાક્ષીઓ બન્યા, તેઓએ તેમના પર વિશ્વાસ કર્યો *નહિ*. હકીકતમાં તો, ઘણીવાર જ્યારે ઈસુએ ચમત્કારો કર્યા ત્યારે લોકો તેમની *વિરુદ્ધ* ગયા હતા. અંતમાં, દરેક જણ જેમણે ઈસુને "જોયા"—એટલે જેઓએ તેમને સાંભળ્યા, તેમની સાથે ચાલ્યા, તેમના ચિન્હો તથા અદભૂત કૃત્યો માણ્યા—કાં તો તેઓએ ઈસુની વિરુદ્ધ કાવતરું રચ્યું કે પછી તેમને છોડી દીધા. જેઓએ તેમને "જોયા" તે દરેકની હાજરીમાં, ધોળે દિવસે ઈસુને મારી નાખવામાં આવ્યા હતા.

માટે ઈસુ આપણને 'વિશ્વાસ' કરવા, 'ભરોસો' કરવા બોલાવે છે, 'જોવા' નહિ. જ્યારે માણસે તેમને જોયા, ત્યારે તેણે તેમને મારી નાખ્યા. આપણે એવો આપણી જાત પર ભરોસો કરી શકતા નથી કે આપણે આપણી આંખોથી જેને દેખીએ છીએ તે આપણે અનુસરીશું, અને તેને વફાદાર રહીશું. શિષ્યો જેમ કેટલોક સમય આપણે વફાદાર બની શકીએ, પરંતુ કોઈક તબક્કે આપણી આંખો, આપણા મનો, આપણા હૃદયો આપણને નિષ્ફળ કરશે અને અનુસરવા નહિ દે. જેને એક સમયે આપણે જોઈને પ્રેમ કર્યો તેની વિરુદ્ધ પણ આપણે થઇ શકીએ છીએ.

---

2 યોહાન ૧૫:૧૩-૧૩

ઈસુએ તેમના શિષ્ય, થોમાને કહ્યું, *“જેઓએ જોયા વિના વિશ્વાસ કર્યો છે તેઓને ધન્ય છે.”*

અહિયાં પૃથ્વી પર ઈસુ ઈચ્છે છે કે આપણે આપણા હૃદયોની આંખોથી “જોઈને” વિશ્વાસ કરીએ—એટલે કે ઈસુને *મેળવીએ, અનુસરીએ,* આધીન *થઈએ અને આરાધના કરીએ.* ઈસુ તમારી સાથે *ખરો* સંબંધ, મિત્રતા ઈચ્છે છે! એક દિવસે આપણે મહિમામાં જઈશું જ્યાં આપણી આંખો શુદ્ધ હશે અને આપણું હૃદય સ્થિર, અને આપણે તેમને *“મોઢામોઢ”* જોઈશું. પરંતુ અત્યાર માટે, વિશ્વાસ કરવા તેડું છે.

***શું તમને એવું લાગે છે કે તમે ઈસુને તમારા હૃદયની આંખોથી “જોઈ રહ્યા” છો?***

# ◇ ખજાનો

**શા માટે ઈસુને "જોઈને" વિશ્વાસ કરવો અઘરો છે? શા માટે આખું જગત ઈસુનું સાંભળીને વિશ્વાસ કરતું નથી?**

જ્યારે હું બાઈબલમાંથી વાંચું છું ત્યારે ઈશ્વર કેવી રીતે કામ કરે છે તેનું મને આશ્ચર્ય લાગે છે. શરૂઆતના સમયથી, ઈશ્વર દરેક લોકોને સમાન પ્રેમ કરે છે તો પણ, કેટલાકે ઈશ્વરને *"જાણ્યા"* અને બીજાઓએ ન જાણ્યા. આપણા માટે આને સમજવું, સમજાવવું, કે શોધી કાઢવું અશક્ય છે –અને રહેશે.

ઈસુ પૃથ્વી પર ચાલ્યા, ઉપદેશ કર્યો અને ચમત્કારો કર્યા ત્યારે એકદમ આવું જ હતું. કેટલાક લોકોએ તેમના ચરણોમાં પડીને કહ્યું, *"તમે પ્રભુ છો!"* બીજાઓએ તેમને નીચી નજરથી જોઈને તેમની મશ્કરી કરી અને તેમની સત્તાને પડકારી. આવું કેવી રીતે બની શકે? કેવી રીતે એક માણસ ઈસુ ખ્રિસ્ત તરફ જોઈને ઈશ્વરને જુએ, અને બીજો માણસ એ જ સમયે ઈસુ ખ્રિસ્તને જોઈને કેવળ એક સામાન્ય માણસને જ જુએ? હું આ સમજાવી શકતો નથી!

પરંતુ ઈસુના સમગ્ર જીવન અને શિક્ષણમાં મેં જે જોયું છે તે એ કે તેમણે પોતાને ઊંડાણપૂર્વક અને શાંતિથી પ્રગટ કર્યા. *ઘણાં જ ઊંડાણથી અને શાંતિમાં!* જ્યારે કોઈ વ્યક્તિઓએ ઈસુને, તે કોણ છે તે જાણવા સાચે જ 'જોયા' ત્યારે પ્રકટીકરણ, 'ઈશ્વર આપણી સાથે,' તેના હૃદયે

પહોંચ્યું અને તેઓને હંમેશા માટે બદલી નાખ્યા. પરંતુ કારણ કે આ પ્રકટીકરણ ઘણું ઊંડું તથા છાનું તથા શુદ્ધ છે, તે તેની નોંધ લેવાય તે પહેલાં આપણામાંના મોટાભાગનાની પાસેથી તે પસાર થઇ જાય છે. જીવનપટ પરના ઘણા બધા અવાજ અને ઈચ્છાઓથી આપણે એટલા બેધ્યાન થયેલા છીએ કે ઈશ્વરની ઊંડી બાબતો આપણી પાસે રહીને પસાર થઇ જાય છે.

આ સત્યને સમજાવવા ઈસુએ એક નાનું દ્રષ્ટાંત કહ્યું હતું. તેમણે કહ્યું, *“ઈશ્વરનું રાજ્ય એ ખેતરમાં દાટેલા ખજાના જેવું છે. જ્યારે માણસને તે મળ્યું ત્યારે ફરીથી સંતાડી દીધું, પછી તેણે આનંદભેર જઈને પોતાનું બધું જ વેચી નાખીને તે ખેતરને વેચાતું લીધું.”*[3]

***શું તમને લાગે છે કે ઈસુ ખજાનો છે જે તમે જોવાની શરુઆત કરી રહ્યા છો, પરંતુ તમારી આસપાસના ઘણાં લોકો તેને જોઈ શકતા નથી?***

3 માથ્થી ૧૩:૪૪

## રક્ત

ઈસુની વાર્તા અતુલ્ય છે! તમને કહેવામાં આવ્યું છે કે ઈશ્વરની તરીકે તેઓ આપણને આપણા પાપો, આપણા *"દોષ"* માંથી છુટકારો અપાવવા આવ્યા. તમે જાણો છો કે સામાન્ય રીતે આપણા સૌથી ઊંડા પાપો આપણને રક્તની સુનાવણી સુધી લઇ જાય છે. રક્ત, લોકોના જીવનનું સ્રોત, જ્યાં હિંસા હોય છે. જ્યાં શોષણ હોય છે, જ્યાં દુર્ભાગ્ય હોય છે, જ્યાં મરણ હોય છે ત્યાં વહે છે. આ સર્વ આપણી પાસે છે, પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે આપણી પાસે છે. આપણે એવા જગતમાં જીવીએ છીએ જે ગુલામી તથા શોષણ પર બાંધેલું છે, અને આપણે સર્વ કાં તો રક્ત વહાવીએ છીએ અથવા તો ચોરાયેલો માલ વાપરીએ છીએ જેમાં લોકો રક્તની કિંમત લાગે છે. આ એક અણઘડ અને અસ્વસ્થ સત્ય છે—પરંતુ રક્તપાત એ આપણા જગતના અંધકારના, અને આપણા ઈશ્વરથી વિખૂટાં પડવાના હાર્દમાં છે.

માટે ઈસુ આવે છે, અને તેઓ આપણને આ પાપમાંથી તથા અંધકારમાંથી મુક્ત કરવા માંગે છે. જે ખોટી બાબતોને આપણે સહન કરી છે તેમાંથી અને આપણે જે ખોટું કર્યું છે તેમાંથી તેઓ આપણને મુક્ત કરાવા ઈચ્છે છે. તેઓ દરેક આત્મા, દરેક હૃદય અને જે દેશમાં આપણી રહીએ છીએ તેને પણ સાજાં કરીને પુનઃસ્થાપિત કરવા ઈચ્છે છે. આપણને કહેવામાં આવ્યું છે કે ઈસુએ આ અતુલ્ય રીતથી આ *"ઉદ્ધાર"* અને *"માફી"* માટે માર્ગ ખુલ્લો કર્યો છે: **ઈસુએ આપણા પાપ તેમના પોતાના પર અને**

**પોતાના શરીરમાં લીધા, અને પછી તેની સાથે મરણ પામ્યા.** બાઈબલની એક કલમ આ રીતે કહે છે: *"તેઓ આપણા માટે પાપરૂપ થયા."*[4]

ઈસુએ મારો દોષ અને શરમ તેમના પર લીધા, અને પછી તેમની સાથે મરણ પામ્યા. મારા પાપ સાથે મરણ પામ્યા પછી ઈસુ મરણમાંથી ઊઠ્યાં, પરંતુ મારું પાપ તેમની સાથે પાછું આવ્યું નહિ. એવું કહેવાય કે તેમણે કબરમાં પાપ છોડી લીધું. ઈસુએ મારું પાપ લીધું, તેની સાથે મરણ પામ્યા, અને મારા માટે કેવળ માફી તથા નવા જીવન સાથે પાછા ઊઠ્યા.

બાઈબલની એક પરાક્રમી કલમ આ પ્રમાણે વર્ણવે છે: આપણા પાપના રક્ત કરતા ઈસુનું *'રક્ત વધારે સારું બોલે'* છે.

આ કારણને લીધે, જ્યારે આપણે ઈસુમાં વિશ્વાસ કરીને તેમની માફી સ્વીકારીએ છીએ ત્યારે, આપણે તેમના બલિદાનના રક્ત માટે, એટલે *"ઈસુના રક્ત"* માટે આભારી છીએ.

*શું તમે તેમના રક્તથી "શુદ્ધ થવા" માંગો છો?*

4 ૨ કરિંથી ૫:૨૧

# આત્મા

ઈસુ જીવંત છે! તેઓ ભૌતિક છે અને સ્વર્ગમાં છે. એક દિવસે તમે તેમને *'નજરોનજર'* મળી શકો છો.

પરંતુ જ્યારે ઈસુ તેમના શિષ્યોને કહી રહ્યા હતા કે તેઓ પોતે જલ્દીથી પૃથ્વી છોડીને સ્વર્ગમાં જવાના છે, ત્યારે તેમણે તેઓને કહ્યું કે આને લીધે તેઓએ આનંદ કરવો જોઈએ, દુઃખી થવું નહિ, કારણ એનો અર્થ કે પવિત્ર આત્મા તે શિષ્યોની પાસે આવશે, અને તેઓ*"માં"* રહેશે.[5]

તમે જુઓ, ઈસુ જ્યારે પૃથ્વી પર હતા ત્યારે તેઓ કેવળ માણસના આકારમાં હતા. જો ઈસુ એક ગામડાંમાં હતા, તો એનો અર્થ કે તે બીજા ગામડાંમાં નહોતા. જો ઈસુ તેમનો શાંતિનો હાથ એક માણસ પર મૂકતા તો તેનો અર્થ કે તેઓ તેમનો શાંતિનો હાથ બીજા માણસ પર નહોતા મૂકતા. તેઓ માનવી આકારમાં હતા, અને માટે જ જેમ આપણે છીએ તેમ તેઓ સ્થળ તથા સમયમાં મર્યાદિત હતા.

જ્યારે ઈસુ સ્વર્ગમાં ચઢી ગયા, ત્યારે ઈસુનો આત્મા, એટલે પવિત્ર આત્મા, હવે *આખી* પૃથ્વી પર રેડી દેવામાં આવ્યો છે. આનો અર્થ કે હવે, વ્યક્તિ તરીકે ઈસુ અને તેમની શાંતિ એક સરખાં સમયે, દરેક ગામમાં, અને દરેક વ્યક્તિના હૃદય તથા ઘર પર હોઈ શકે છે. એનો

---

5 યોહાન ૧૪:૧૭, ૨૬, ૨૮

અર્થ એવો પણ થાય કે ઈસુ ખરેખર આપણી *અંદર* વસવાને સક્ષમ છે, કેવળ આપણી બાજુમાં ચાલવાને જ નહિ.

હવે ઈસુએ આપણને ક્ષમા અને અનંતજીવન આપવા તેમનું પૃથ્વી પરનું કાર્ય, એટલે મરણ પામીને ફરી સજીવન થઇને ઊઠવાનું કાર્ય પૂર્ણ કર્યું છે ત્યારે હાલ તેઓ શારીરિક રીતે સ્વર્ગમાં રહે છે. હવે આપણે તેમની સાથે પવિત્ર આત્મા મારફતે જોડાઈ શકીએ છીએ.

ઈસુમાં આપણે વિશ્વાસ કરીએ ત્યારે તેઓ તેમના પવિત્ર આત્મા મારફતે આપણી પાસે આવીને આપણા હૃદયમાં, આપણા પ્રાણમાં અને આપણા આત્મામાં વસે છે—*"ઈશ્વર આપણી સાથે."*

***શું તમે ઈસુમાં વિશ્વાસ કરો છો, અને તેમનો પવિત્ર આત્મા તમારા હૃદય તથા જીવનમાં છે?***

# ◈ આમંત્રણ

ઈસુએ કહ્યું, *"હું બારણું છું અને જે કોઈ મારા દ્વારા પ્રવેશે છે તે ઉદ્ધાર પામશે."* (યોહાન ૧૦:૯)

**શું તમે અત્યારે જ ઈસુને તમારા હૃદય અને જીવનમાં આમંત્રણ આપવા માંગો છો?**

આ આત્મિક નિર્ણય છે, અને તમારું જીવન ઈસુને આપવાથી તમને તમારા પાપોની ક્ષમા તથા શાશ્વત જીવન મળશે. જે ક્ષણે તમે ઈસુને જાણશો, ત્યારે જ તમે નવા માર્ગ પર હશો, કે *"જે બપોર થતા સુધી વધારેને વધારે પ્રકાશિત થાય છે."* (નીતિવચનો ૪:૧૮)

હવે અહિયાં તમે આ રીતે મરણમાંથી જીવન પરનો પૂલ પસાર કરી શકો છો, અને ઈસુને ઓળખી શકો છો. બે બાબતો "કરવાની" છે. મેં તેમને નીચે ગોઠવી છે, અને ત્યાર પછી મેં પ્રાર્થના લખી છે જેને તમે વાંચીને તમારા હૃદયથી "પ્રાર્થના" કરી શકો છો:

## ૧. પાપનો પસ્તાવો

તમારે તમારા પાપનો પસ્તાવો કરવાની જરૂર પડશે. હા, આ એક મુશ્કેલ પગલું છે, એ જ જે ઈસુ ભરવા કહે છે. તમારે અત્યારે જ નક્કી કરવાની જરૂર છે કે ઈશ્વરની મદદથી તમે તમારા જીવનમાં પાપથી

ફરી શકો છો—એટલે *દ્રવ્યપ્રેમ, વાસના, લોભ, અપ્રમાણિકતા, વ્યસન, વ્યભિચાર, અશ્લીલ માધ્યમો, વિગેરેથી ફરી શકો છો.*

પાપનો પસ્તાવો એ "હૃદયનો નિર્ણય" છે, અને સમય જતાં તે તમારા જીવન અને ઘરમાં દેખાવો જોઈએ. એવી બાબતો હશે જે તમારે દૂર કરવી પડશે, તેઓને કહેવી પડશે, નાખી દેવી પડશે, કે જ્યાંથી પાછા ફરવું પડશે, મૂકી દેવી પડશે...જો તમે અત્યારે પસ્તાવો કરવાનો નિર્ણય કરો છો, અને *"પાછા ફરો છો"* (જે 'પસ્તાવા'નો અર્થ છે), તો તમે હવે પછીના પગલું ભરવા માટે સાચી દિશા તરફ ઊભા છો.

## ૨. ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ

કોઈ પણ સાચા સંબંધમાં વિશ્વાસ તથા ભરોસાની અગત્યતા તથા "સત્ય"ની ચર્ચા આપણે ઉપર કરી છે. ઈસુ આપણને તેમના પર "વિશ્વાસ" કરવા કહે છે. ઈસુ આપણને આ *વિશ્વાસનું પગલું* ભરવા, અને તેમના પરના વિશ્વાસને મોટેથી જાહેર કરવા કહે છે. અહિયાં નીચે મેં પ્રાર્થના લખી છે જેને તમે તમારી પોતાની બનાવી શકો છો. આ પ્રાર્થના તમારા હૃદયમાંથી જ ઊઠવી જોઈએ અને તે પ્રમાણિક હોવી જ જોઈએ.

જો તમે તમારા પાપનો પસ્તાવો કરો છો અને ઈસુ ખ્રિસ્તમાં તમારો વિશ્વાસ કરો છો, તો તેઓ આ જ ક્ષણે તમારા હૃદયમાં તેમનો આત્મા મૂકશે, તમારા પાપ માફ કરશે, અને તમારું નામ સ્વર્ગમાં લખશે!

## પ્રાર્થના:

વહાલા પ્રભુ ઈસુ, મને પ્રેમ કરવા બદલ તમારો આભાર માનું છું. તમે મારા પાપો માટે મરણ પામ્યા તે માટે તમારો આભાર માનું છું. મને માફી અને શાશ્વત જીવનની દરખાસ્ત આપવા બદલ તમારો આભાર માનું છું.

આજે હું મારા પાપનો પસ્તાવો કરું છું, અને મારો વિશ્વાસ તથા ભરોસો તમારામાં મૂકું છું. હું માંગું છું કે તમે મારા પાપ માફ કરો, અને તમારો પવિત્ર આત્મા મારામાં રેડી દો.

પ્રભુ, મને માફ કરવા બદલ તમારો આભાર. મને બચાવા બદલ પ્રભુ ઈસુ તમારો આભાર. હાલ મને વિશ્વાસુ બનવા, અને જ્યાં સુધી હું તમને મોઢામોઢ દેખું નહિ ત્યાં સુધી મારા જીવનના સર્વ દિવસો પર્યંત તમને અનુસરવા મારી મદદ કરો. ઈસુના નામમાં હું પ્રાર્થના કરું છું, આમેન!

# નવું જીવન

જો તમે ઈસુમાં વિશ્વાસનું આ પગલું ભર્યું છે તો તમારો ઉદ્ધાર થયો છે! તમને ક્ષમા મળી છે! તમે "નવું સર્જન" છો! ઈશ્વર સત્ય છે. ઈસુનો આ સંદેશ છે.

નવા જન્મેલા 'વિશ્વાસી' તરીકે, એ ખરેખર અગત્યનું છે કે તમે દરરોજ બાઈબલનું વાંચન, અને ઈસુ સાથે પ્રાર્થનામાં થોડી મિનીટો ગાળવાનું શરુ કરો. એ પણ અગત્યનું છે કે તમે એક સારા, ખ્રિસ્તી મંડળીમાં જોડાઓ, કે જેથી તમે તમારા વિશ્વાસમાં અને અન્ય વિશ્વાસીઓના ટેકામાં વૃદ્ધિ પામો.

જો તમારી પાસે બાઈબલ નથી તો હું તમને એક બાઈબલ ખરીદવા સૂચન કરીશ. ગુજરાતી આવૃત્તિ માટે તેની ઓનલાઈન અથવા પુસ્તકની દુકાનમાં શોધ કરો.

હું જે કરું છું તેમ પ્રતિદિન એક અધ્યાય વાંચો. લૂકના પુસ્તકથી શરૂઆત કરી શકો છો, અને પછી આગળ વાંચવાનું જારી રાખો...

એક સારી, ભરોસાપાત્ર ખ્રિસ્તી મંડળી શોધો. પ્રભુ ઈસુને આ નિર્ણયમાં દોરવણી આપવા પ્રાર્થના કરીને કહો. જે ખ્રિસ્તી વ્યક્તિને તમે જાણો છો અને તેની પર ભરોસો કરો છો તેને મંડળીની ભલામણ કરવા કહો. ખાતરી રાખો કે મંડળીમાં અઠવાડિયે એક વાર જેવું એ તમારી અગ્રતા

છે, એટલે પ્રભુ ઈસુને “બલિદાન” છે. આ થાય માટે તમારે તમારા સમયપત્રકમાંની કેટલીક બાબતોમાં, અને તમારા નાણાંકીય બાબતોમાં પણ ફેરફાર કરવા પડી શકે છે. *આને માટે પ્રભુ તમને માન આપશે!*

મને તમારા તરફથી સાંભળવાનું ગમશે! જો તમે વિશ્વાસનું આ પગલું ભર્યું છે તો પછીના પૃષ્ઠમાં વેબસાઈટ મારફતે મને એક ઈ-મેઈલ મોકલીને જાણ કરજો. હું તમારી સાથે આનંદ કરીશ અને તમારા માટે પ્રાર્થના કરીશ!

મારા ભાઈ, મારા બહેન, તમને આશીર્વાદ હો! જ્યાં સુધી વ્યક્તિ તરીકે આપણે—કૌટુંબિક મુલાકાતમાં મળીને નહિ ત્યાં સુધી, ઈસુના નામમાં ઈશ્વર તમને આશીર્વાદ આપીને રક્ષણ કરો અને તમને સમૃદ્ધ કરો!

વધુ સાહિત્ય સામગ્રી માટે મહેરબાની કરીને મારી વેબસાઈટની મુલાકાત લો:

www.1peter1three.weebly.com

પ્રભુ તમને આશીર્વાદ આપે ને સંભાળે; ઈશ્વર તેમનો ચેહરો તમારા પર પ્રકાશવા દઈને તમારા પ્રત્યે કૃપાળુ બને; પ્રભુ તેમનું મુખ તમારા તરફ ફેરવીને તમને શાંતિ આપે.' ગણના ૬:૨૪-૨૬

# શાસ્ત્ર સંદર્ભ

**ઈશ્વર તેમની પાસે આવવા આપણને વિનવે છે:** ૨ કરિંથી ૫:૨૦

**કેવળ ખ્રિસ્તને, તેમના શાસ્ત્રોને, તેમના આત્માને જાણવું:** ૧ કરિંથી ૨:૨-૩

**બાઈબલની પ્રેરણા અને દુરુપયોગ:** હિબ્રૂ ૪:૧૨; યર્મિયા ૨૯:૧૩ (માથ્થી ૪:૧-૧૧ અને ૨ કરિંથી ૪:૨ પણ જુઓ)

**બાઈબલના અભણ લેખકો:** પ્રેરિતોના કૃત્યો ૪:૧૩

**ઈસુનો અર્થ, 'પ્રભુ બચાવે છે':** માથ્થી ૧:૨૧

**ઈસુ, ઈશ્વર તરીકે, માણસના આકારમાં:** યશાયા ૭:૧૪; માથ્થી ૧:૨૩; યશાયા ૯:૬; યોહાન ૧:૧-૫, ૯, ૧૪; યોહાન ૮:૫૮; નિર્ગમન ૩:૧૪; યોહાન ૧૦:૩૦; યોહાન ૧૪:૯; યોહાન ૯:૩૮; માથ્થી ૧૪:૩૩; નિર્ગમન ૨૦:૫; યોહાન ૨૦:૫; યોહાન ૫:૪૬; કલોસ્સી ૧:૧૫-૨૦; હિબ્રૂ ૧:૩; ફિલિપ્પી ૨:૬-૧૧; ઝખાર્યા ૧૪:૯; પ્રે.કૃ. ૪:૧૨; પ્રકટીકરણ ૧:૧૩-૧૮

**ઈસુનો પાપ માફ કરવાનો અને અનંતજીવન આપવાનો હેતુ:** લૂક ૫:૨૫; યોહાન ૧૧:૨૫-૨૬; યોહાન ૪:૧૪-૧૪

**પ્રકટીકરણ, સમજવું અશક્ય !** યોહાન ૬:૩૭,૬૫; માથ્થી ૧૬:૧૬-૧૮; રોમન ૧૧:૩૩-૩૬; યશાયા ૫૫:૮-૯; ગી.શા. ૩૬:૯; ૨ કરિંથી ૪:૬; યોહાન ૪:૨૪ અને યોહાન ૬:૬૩

**ખ્રિસ્તમાં વિશ્વાસ**: યોહાન ૭:૩૭-૩૮; યોહાન ૧૧:૨૫-૨૬; યોહાન ૯:૩૫; માથ્થી ૧૧:૨૮-૩૦; લૂક ૫:૨૪; લૂક ૧૦:૨૦; યોહાન ૧૦:૯; યોહાન ૫:૩૯-૪૦; યોહાન ૧૫:૧૩-૧૫

**જોવું એ વિશ્વાસ કરવો નથી**: યોહાન ૧૧:૪૫,૫૩; માથ્થી ૨૬:૫૬; માર્ક ૧૫:૨૫ (સવારમાં ૯ વાગે); યોહાન ૨૦:૨૯; ૨ કરિંથી ૫:૭; ૧ યોહાન ૩:૨; ૧ કરિંથી ૧૩:૧૨

**ઈશ્વર સર્વને એકસરખો પ્રેમ કરે છે**: ૨ પિતર ૩:૯; ૧ તિમોથી ૨:૪; માથ્થી ૧૮:૧૪; યોહાન ૩:૧૬

**ખ્રિસ્તની આરાધના અને ખ્રિસ્તનો નકાર**: યોહાન ૯:૩૮; માથ્થી ૧૪:૩૩; યોહાન ૧૦:૨૦; ૨ કરિંથી ૫:૧૬

**ઊંડું અને છાનું પ્રકટીકરણ**: માથ્થી ૧૬:૨૦; માર્ક ૧:૨૪, ૩૪,૪૪; માર્ક ૪:૧૧; યશાયા ૬:૯; ૨ કરિંથી ૫:૧૬; ગી.શા. ૪૨:૭; માથ્થી ૧૩:૪૪

**રક્ત અને ખ્રિસ્તમાં મુક્તિ**: યશાયા ૧:૧૮; ગી.શા. ૨૫:૧૫; ૨ કરિંથી ૫:૧૭; ગલાતી ૨:૨૦; લૂક ૪:૧૮; યશાયા ૬૧:૧; યશાયા ૪૨:૩; ૨ કાળ. ૭:૧૪; ૨ કરિંથી ૫:૨૧; હિબ્રૂ ૯:૨૨; હિબ્રૂ ૧૨:૨૪

**આત્મા**: યોહાન ૧૪:૧-૪; પ્રકટીકરણ ૧:૧૩-૧૮; ૧ કરિંથી ૧૩:૧૨; યોહાન ૧૪:૧૭,૨૬,૨૮

**આમંત્રણ અને નવું જીવન**: એફેસી ૧:૧૩-૧૪; કલોસ્સી ૧:૨૭; નીતિ ૪:૧૮; યોહાન ૫:૨૪; માર્ક ૧:૧૫; માથ્થી ૩:૮; પ્રે.કૃ. ૩:૧૯; રોમન ૧૦:૯; લૂક ૧૦:૨૦; ૨ કરિંથી ૫:૧૭; હિબ્રૂ ૧૦:૨૫; ગી.શા. ૧; યહોશુઆ ૧:૯; હિબ્રૂ ૪:૧૨; ૨ તિમોથી ૩:૧૬

આ ભાષાંતરનો ખર્ચ સન્ડે સ્કુલ સેન્ટર દ્વારા ઉદારતાથી ઉઠાવવામાં આવ્યો છે: www.sunday-school-center.com